Saturday
05.10.2024
✳Volume :9 ✳ Issue No.79
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

✳ Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :04 ✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી ૫ ઓક્ટોબરનાં રોજ મહારાષ્ટ્રની મુલાકાત લેશે

## પ્રધાનમંત્રી વાશિમમાં કૃષિ અને પશુપાલન ક્ષેત્ર સાથે સંબંધિત આશરે ૨૩,૩૦૦ કરોડ રૂપિયાનાં મૂલ્યનાં વિવિધ પહેલનો શુભારંભ કરશે

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૫ ઓક્ટોબરના રોજ મહારાષ્ટ્રની મુલાકાત લેશે. તેઓ વાશિમ જશે અને સવારે ૧૧:૧૫ વાગ્યે તેઓ પોહરાદેવી ખાતે જગદંબા માતાના મંદિરમાં દર્શન કરશે. તેઓ વાશિમમાં સંત સેવાલાલ મહારાજ અને સંત રામરાવ મહારાજની સમાધિઓ પર પણ શ્રદ્ધાંજલિ આપશે. જે બાદ સવારે ૧૧:૩૦ વાગ્યે પ્રધાનમંત્રી બંજારા વિરાસત મ્યુઝિયમનું ઉદઘાટન કરશે, જે બંજારા સમુદાયની સમૃદ્ધ વિરાસતની ઉજવણી કરશે. બપોરે લગભગ ૧૨ વાગ્યે તેઓ લગભગ ૨૩,૩૦૦ કરોડ રૂપિયાના કૃષિ અને પશુપાલન ક્ષેત્ર સાથે સંબંધિત અનેક પહેલનો શુભારંભ કરશે. સાંજે લગભગ ૪ વાગ્યે પ્રધાનમંત્રી થાણેમાં ૩૨,૮૦૦ કરોડ રૂપિયાથી વધુના મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. ત્યારબાદ સાંજે ૬ વાગ્યાની આસપાસ બીકેસી મેટ્રો સ્ટેશનથી તેઓ બીકેસીથી આરે જેવીએલઆર, મુંબઈ સુધી દોડનારી મેટ્રો ટ્રેનને લીલી ઝંડી આપશે. તેઓ બીકેસી અને સાંતાક્રુઝ સ્ટેશનો વચ્ચે મેટ્રોમાં મુસાફરી પણ કરશે.

### વાશિમમાં પ્રધાનમંત્રી

ખેડૂતોને સશક્ત બનાવવાની પોતાની પ્રતિબદ્ધતાને અનુરૂપ પ્રધાનમંત્રી આશરે ૯.૪ કરોડ ખેડૂતોને આશરે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનાં મૂલ્યનાં પીએમ-કિસાન સન્માન નિધિનાં ૧૮માં હપ્તાનું વિતરણ કરશે. ૧૮મી હપ્તાની ફાળવણી સાથે પીએમ-કિસાન અંતર્ગત ખેડૂતોને કુલ ૩.૪૫ લાખ કરોડ રૂપિયાનું ભંડોળ રીલિઝ કરવામાં આવશે. ઉપરાંત પ્રધાનમંત્રી આશરે રૂ. ૨,૦૦૦ કરોડનાં વિતરણની નમો શેતકરી મહાસન્માન નિધિ યોજનાનાં ૫માં હપ્તાનો પણ શુભારંભ કરશે. પ્રધાનમંત્રી કૃષિ માળખાગત ફંડ (એઆઈએફ) હેઠળ ૧,૯૨૦ કરોડ રૂપિયાથી વધારેનાં મૂલ્યનાં ૭,૫૦૦થી વધારે પ્રોજેક્ટ દેશને અર્પણ કરશે. મુખ્ય પ્રોજેક્ટ્સમાં

- બંજારા સમુદાયનાં સમૃદ્ધ વારસાની ઉજવણી કરતાં પ્રધાનમંત્રી બંજારા વિરાસત સંગ્રહાલયનું ઉદઘાટન કરશે
- પ્રધાનમંત્રી થાણેમાં ૩૨,૮૦૦ કરોડ રૂપિયાથી વધારેનાં મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે
- પરિયોજનાઓનો મુખ્ય ફોકસઃ આ વિસ્તારમાં શહેરી અવરજવરને પ્રોત્સાહન આપવાનો છે
- પ્રધાનમંત્રી મુંબઈ મેટ્રો લાઇન-૩ તબક્કો-૧ને આરે જેવીએલઆરથી બીકેસી સેક્શનનું ઉદઘાટન કરશે
- પ્રધાનમંત્રી થાણે ઇન્ટિગ્રલ રિંગ મેટ્રો રેલ પ્રોજેક્ટ અને એલિવેટેડ ઇસ્ટર્ન ફ્રીવે એક્સટેન્શનનો શિલાન્યાસ કરશે
- પ્રધાનમંત્રી નવી મુંબઈ એરપોર્ટ ઇન્ફ્લુએન્સ નોટિફાઇડ એરિયા (નૈના) પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે

કસ્ટમ હાયરિંગ સેન્ટર્સ, પ્રાઈમરી પ્રોસેસિંગ યુનિટ્સ, વેરહાઉસ, સોર્ટિંગ અને ગ્રેડિંગ યુનિટ્સ, કોલ્ડ સ્ટોરેજ પ્રોજેક્ટ્સ, પોસ્ટ-હાર્વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ્સ વગેરેનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી આશરે ૧,૩૦૦ કરોડ રૂપિયાનું સંયુક્ત ટર્નઓવર ધરાવતી ૯,૨૦૦ ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન્સ (એફપીઓ) પણ દેશને અર્પણ કરશે. ઉપરાંત પ્રધાનમંત્રી પશુઓ માટે યુનિફાઇડ જિનોમિક ચિપ અને સ્વદેશી જાતિ-સોર્ટેડ સીમેન ટેકનોલોજીનો પણ શુભારંભ કરશે. આ પહેલનો હેતુ ખેડૂતોને પોસાય તેવા ભાવે સેક્સ સોર્ટ કરેલા સીમેનની ઉપલબ્ધતામાં વધારો કરવાનો અને ડોઝ દીઠ ખર્ચમાં આશરે ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવાનો છે. યુનિફાઇડ જિનોમિક ચિપ, સ્વદેશી પશુઓ માટે ગૌચિપ અને ભેંસો માટે માહિષ્ચિપ, જીનોટાઈપિંગ સેવાઓ સાથે વિકસાવવામાં આવી છે. જીનોમિક પસંદગીના અમલીકરણ સાથે, યુવાન ઉચ્ચ-ગુણવત્તાવાળા આખલાઓને નાની ઉંમરે ઓળખી શકાય છે. ઉપરાંત પ્રધાનમંત્રી મુખ્યમંત્રી સૌર કૃષિ વાહિની યોજના – ૨.૦ અંતર્ગત સમગ્ર મહારાષ્ટ્રમાં ૧૯ મેગાવોટની કુલ ક્ષમતા ધરાવતા પાંચ સોલર પાર્કનું લોકાર્પણ કરશે. કાર્યક્રમ દરમિયાન તેઓ મુખ્યમંત્રી માઝી લડકી બહિન યોજનાના લાભાર્થીઓનું સન્માન પણ કરશે.



### થાણેમાં પ્રધાનમંત્રી

આ વિસ્તારમાં શહેરી પરિવહનને પ્રોત્સાહન આપવા માટે પ્રધાનમંત્રી મુખ્ય મેટ્રો અને રોડ પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી આશરે ૧૪,૧૨૦ કરોડ રૂપિયાનાં મૂલ્યનાં બીકેસીથી આરે જેવીએલઆર સેક્શન - ૩નું ઉદઘાટન કરશે. આ સેક્શનમાં ૧૦ સ્ટેશન હશે, જેમાંથી ૯ અંડરગ્રાઉન્ડ હશે. મુંબઈ મેટ્રો લાઈન - ૩ એક મુખ્ય જાહેર પરિવહન પ્રોજેક્ટ છે જે મુંબઈ શહેર અને ઉપનગરો વચ્ચે અવરજવરમાં સુધારો કરશે. સંપૂર્ણપણે કાર્યરત લાઈન-૩ દરરોજ આશરે ૧૨ લાખ મુસાફરોને સેવા પૂરી પાડશે તેવી અપેક્ષા છે. પ્રધાનમંત્રી આશરે ૧૨,૨૦૦ કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્માણ પામનારા થાણે ઈન્ટિગ્રલ રિંગ મેટ્રો રેલ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. પ્રોજેક્ટની કુલ લંબાઈ ૨૯ કિલોમીટર છે જેમાં ૨૦ એલિવેટેડ અને ૨ ભૂગર્ભ સ્ટેશનો છે. આ મહત્ત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ મહારાષ્ટ્રના મુખ્ય ઔદ્યોગિક અને વાણિજ્યિક કેન્દ્ર થાણેની વધતી જતી પરિવહન જરૂરિયાતોને પહોંચી વળવા માટેની એક ચાવીરૂપ પહેલ છે.

પ્રધાનમંત્રી થાણેમાં છેડા નગરથી આનંદ નગર સુધી એલિવેટેડ ઈસ્ટર્ન ફ્રીવે એક્સટેન્શનનો શિલાન્યાસ પણ કરશે, જેનો ખર્ચ આશરે ૩,૩૧૦ કરોડ રૂપિયા થશે. આ પ્રોજેક્ટ દક્ષિણ મુંબઈથી થાણે સુધી સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી નવી મુંબઈ એરપોર્ટ ઈન્ફ્લુએન્સ નોટિફાઈડ એરિયા (નૈના) પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનો શિલાન્યાસ કરશે, જેનું મૂલ્ય આશરે ૨,૫૫૦ કરોડ રૂપિયા છે. આ પ્રોજેક્ટમાં મુખ્ય માર્ગો, પુલો, ફ્લાયઓવર, અંડરપાસ અને સંકલિત યુટિલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી આશરે ૭૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારા થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનનો શિલાન્યાસ પણ કરશે. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનની ઉંચી ઈમારત થાણેના નાગરિકોને કેન્દ્ર સ્થિત બિલ્ડિંગમાં મોટાભાગની મ્યુનિસિપલ કચેરીઓને સમાવીને લાભ આપશે.

# કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના ગાંધીનગરમાં હીરામણી આરોગ્યધામ ડે-કેર હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું

## ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હવે પીએમ શ્રી નરેન્દ્ર મોદીએ આરોગ્યસંભાળ સુવિધાઓ સુધારવા અને તેને લોકો માટે સુલભ બનાવવા માટે અસંખ્ય પગલાં લીધાં હતાં







## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોના સ્વાસ્થ્ય હિતોને ધ્યાનમાં રાખીને સ્વચ્છ ભારત મિશનની શરૂઆત કરી, દરેક ઘરમાં શૌચાલય અને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવ્યું

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના ગાંધીનગરમાં હિરામણિ આરોગ્યધામ ડે-કેર હોસ્પિટલનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી અમિત શાહે તેમનાં સંબોધનમાં જણાવ્યું હતું કે, ગુજરાતનાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશનાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં હેલ્થકેર સુવિધાઓમાં સુધારો કરવા અને તેને લોકો સુધી પહોંચાડવા માટે અનેક પ્રયાસો કર્યા હતાં. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, શ્રી નરહરિ અમીને સમાજની સેવા કરવા અને સમસ્યાઓનું સમાધાન કરવા સતત કામ કર્યું છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, નરહરિજીએ રાજ્યનાં ક્રિકેટ એસોસિએશન મારફતે ગુજરાતભરમાં રમતવીરો માટે માળખાગત સુવિધાઓની સ્થાપના કરી હતી. તદુપરાંત, શાળાઓ દ્વારા, તેમણે લગભગ ૪,૦૦૦ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા અને તેમના સર્વાંગી વિકાસમાં ફાળો આપવા માટે નોંધપાત્ર પ્રયત્નો કર્યા છે. શ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે, વૃદ્ધાશ્રમો અને અન્નપૂર્ણા ટ્રસ્ટની સ્થાપના કર્યા પછી નરહરિજીએ હવે તેમનાં માતા-પિતાની સ્મૃતિમાં આ હિરામણિ આરોગ્યધામનું

- આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની શરૂઆત કરીને, પીએમ મોદીએ નિયમિત કસરતને લોકોની દિનચર્યાનો એક ભાગ બનાવ્યો
- મોદી સરકાર આગામી ૧૦ વર્ષમાં ૭૫,૦૦૦ મેડિકલ સીટો વધારવાની યોજના સાથે દેશમાં હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવશે
- મોંઘી દવાઓના ભારણને ઘટાડવા માટે, સરકારે જેનરિક દવાઓ પૂરી પાડવા માટે એક મિકેનિઝમ સ્થાપ્યું, જેનાથી ગરીબોને ૧૦થી ૩૦ ટકા ઓછી કિંમતે દવાઓ મળી શકે
- મોદી સરકાર ૩૭ વિવિધ યોજનાઓને એકીકૃત કરીને લાખો લોકો માટે આરોગ્યસંભાળ પ્રણાલીને મજબૂત બનાવી રહી છે
- લોકોના દુઃખને દૂર કરવા માટે સંવેદનશીલતા અને દૂરંદેશી સાથે યોજનાઓ બનાવવાનું આ એક ઉત્તમ ઉદાહરણ છે
- શ્રી નરહરિ અમીને સમાજની સેવા અને સમસ્યાઓના નિરાકરણ માટે સતત કામ કર્યું છે
- હીરામણી આરોગ્યધામમાં, વિવિધ બિમારીઓ માટે ઉપચાર,

નિર્માણ કર્યું છે, જે ખરેખર પ્રશંસનીય છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, આધુનિક જીવનશૈલી, ઝડપી જીવન, પ્રદૂષણ અને અન્ય પરિબળો કે જે આપણા શરીરને અસર કરતા વિવિધ રોગો તરફ દોરી જાય છે, જેને લાંબા ગાળાની સારવારની જરૂર છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, આ બિમારીઓમાં ઘણી વખત બહુવિધ ઉપચાર, ડાયાલિસિસ, ફિઝિયોથેરાપી અને અન્ય સારવારની જરૂર પડે છે, જેથી આ રોગોને કારણે થતી પીડાને ઓછી કરી શકાય. શ્રી શાહે ધ્યાન દોર્યું હતું કે, આ પ્રકારની સારવાર સામાન્ય રીતે ઘણી ખર્ચાળ હોય છે અને ગ્રામીણ વિસ્તારોમાં ગરીબો, મધ્યમ વર્ગ અને લોકો માટે ઓછી સુલભ હોય છે. આ પડકારોને ધ્યાનમાં રાખીને શ્રી નરહરિજીએ હિરામણિ આરોગ્યધામનું નિર્માણ કર્યું છે, જેનું આજે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યુ હતું કે, નરહરિજીએ લોકોનાં સ્વાસ્થ્ય સંબંધિત ચિંતાઓનું સમાધાન કરવા માટે સંપૂર્ણ અભિગમ અપનાવ્યો છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ લોકોનાં સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરી હતી, જે લોકોને બિનઆરોગ્યપ્રદ સ્થિતિને કારણે થતાં અનેક રોગોથી બચવામાં મદદ કરશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ પછી, સરકારે દરેક ઘરમાં પીવાનું શુદ્ધ પાણી સુલભ કરવાની ખાતરી આપી હતી, જેણે પાણીજન્ય રોગોને રોકવામાં મદદ કરી હતી. આ પછી દરેક ઘરમાં શૌચાલય બનાવવામાં આવ્યા અને નિયમિત વ્યાયામને લોકોની દિનચર્યાનો હિસ્સો બનાવવા માટે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શરૂઆત કરવામાં આવી.

શ્રી શાહે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ મારફતે પ્રધાનમંત્રી મોદીએ લાખો લોકોને રૂ. ૫ લાખ સુધીનું વિસ્તૃત હેલ્થકેર કવરેજ પ્રદાન કર્યું છે અને તેમને મોંઘીદાટ સારવારનાં બોજમાંથી મુક્ત કર્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા યોજના ઘડી શકાય છે, પરંતુ પર્યાપ્ત માળખાગત સુવિધા વિના વ્યાપક આરોગ્યસંભાળ શક્ય નથી. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, આને સંબોધવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરમાં સ્વાસ્થ્ય સંબંધિત માળખાગત સુવિધાઓનું નિર્માણ શરૂ કર્યું હતું. શ્રી શાહે નોંધ્યું હતું કે, મોદી સરકારે આગામી ૧૦ વર્ષમાં મેડિકલ બેઠકોની સંખ્યામાં ૭૫,૦૦૦નો વધારો કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. તેમણે એ બાબત પર પણ પ્રકાશ પાડ્યો હતો કે સરકારે લોકોને મોંઘીદાટ દવાઓના બોજમાંથી મુક્ત કરવા માટે જેનેરિક દવાઓ પૂરી પાડવાની પદ્ધતિ સ્થાપિત કરી છે, જેના કારણે તેઓ બજારની સરખામણીએ લગભગ ૧૦થી ૩૦ ટકા નીચા ભાવે દવાઓ મેળવી શકે છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, સંપૂર્ણ હેલ્થકેર સેટઅપનું નિર્માણ આશરે ૩૭ વિવિધ યોજનાઓને સંકલિત કરીને કરવામાં આવ્યું છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, આ ૩૭ વિવિધ પહેલોનો સમન્વય કરીને દેશનાં ૧.૪ અબજ લોકોનાં સ્વાસ્થ્ય સંબંધિત ચિંતાઓનું સમાધાન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, લોકોની મુશ્કેલીઓ દૂર કરવા સંવેદનશીલતા અને દૂરંદેશીતા સાથે યોજનાઓનું નિર્માણ કરવા માટે આ શ્રેષ્ઠ ઉદાહરણ છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, જો ડાયાલિસિસ અને ફિઝિયોથેરાપી જેવી દીર્ઘકાલીન બિમારીઓની દૈનિક સારવાર માટેની સુવિધાઓ નજીકમાં અને સસ્તા દરે ઉપલબ્ધ હોય, તો ગરીબ લોકોને તેનો લાભ મળી શકે છે. તેમણે જણાવ્યું હતું કે, હીરામણિ આરોગ્યધામ ખાતે વિવિધ બિમારીઓ માટે થેરાપી, ડાયાલીસીસ અને ફિઝીયોથેરાપી સામાન્ય જનતા માટે સસ્તા દરે ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# નવલા નોરતામાં આશાપુરા માતાજીના દર્શન કરી મુખ્યમંત્રીશ્રીએ ધન્યતા અનુભવી

## દેશદેવી મા આશાપુરાના શરણે શીશ નમાવી વિશ્વ શાંતિ સાથે જન સુખાકારીની કામના કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



કમલમ્ ભુજ,

કચ્છ જિલ્લાની મુલાકાતે આવેલા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નવલા નોરતામાં માતાના મઢ ખાતે દેશદેવી મા આશાપુરાના દર્શનાર્થે પધાર્યા હતાં. કચ્છની કુળદેવીના મંદિરમાં મુખ્યમંત્રીશ્રીએ માતાજીના શરણે શીશ નમાવી વિશ્વ શાંતિ સાથે જન સુખાકારીની કામના કરી હતી. ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કચ્છ જિલ્લાના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહુર્ત તથા કચ્છના માંડવી પાસે ક્રાંતિવીર શ્રી શ્યામજી કૃષ્ણ વર્માની સ્મૃતિમાં બનાવવામાં આવેલા ક્રાંતિતીર્થના નવીનીકરણના લોકાર્પણ અર્થે કચ્છમાં પધાર્યા છે. કચ્છની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ નવરાત્રીના પાવન પર્વે માતાના મઢ ખાતે આશાપુરા માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મા આશાપુરાના શરણે શીશ ઝુકાવી મુખ્યમંત્રીશ્રીએ વિશ્વ શાંતિ અને જન કલ્યાણની સાથે સૌની સુખ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી. મંદિર ખાતે મુખ્યમંત્રીશ્રીએ રાજાબાવાની શુભેચ્છા મુલાકાત કરી હતી. માતાના મઢ જાગીર ટ્રસ્ટના ટ્રસ્ટી સર્વશ્રી ખેંગારજી જાડેજા, પ્રવિણસિંહ વાઢેર, ચત્રામજીભાઈ કટારીયા, પ્રતાપભાઈ આશર, મયુરસિંહ જાડેજા, ગજુભા ચૌહાણ, સિધ્ધરાજસિંહ ચૌહાણ, અશોકસિંહ જાડેજા, સુરેન્દ્રસિંહ જાડેજા, મૂળશંકર વાસુ સહિતનાએ મુખ્યમંત્રીશ્રીનું ભાવભર્યું સ્વાગત કરી કચ્છની માતાના મઢની પાવન ભૂમિ પર આવકાર્યા હતા. મુખ્યમંત્રીશ્રી માતાના મઢ હેલિપેડ ખાતે પધાર્યા ત્યારે માતાના મઢની મંગલકારી માટી પર સાંસદશ્રી વિનોદ ચાવડા, અબડાસા ધારાસભ્યશ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા, અગ્રણી સર્વશ્રી વેસલજી તુંવર, જશુભા જાડેજા, હઠુભા સોઢા, રાજુભાઈ સરદાર, દિનેશભાઈ સથવારા, ખેંગારભાઈ રબારી અને રમેશભાઈ મહારાજ સહિતના અગ્રણીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

